# સાહિત્ય અને રંગદર્શિતાવાદ

ધીરુ પરીખ

મનુષ્યને મગજ અને મન એવાં મળ્યાં છે કે એનાં સર્વ વિચારો, ઊર્મિઓ વગેરેનાં તે જન્મસ્થાન છે. વિભાર, ભાવ, ઊર્મિ પ્રથમ તો મૂક અનુભૂતિ રૂપે પ્રકટ થાય છે. પરંતુ વાણી-વૈખરી રૂપે તે અન્ય જન સુધી પહોંચે છે. આમ, એક વ્યક્તિ પોતાના મનોભાવ કે વિચારને બીજી વ્યક્તિ સુધી પહોંચાડવામાં આ વૈખરીનો આશ્રય લે છે.

આ વૈખરીગત અભિવ્યક્તિ જ્યારે સપ્રમાણ, સુશ્લિષ્ટ, સુરેખ, સંયમિત હોય ત્યારે એને શિષ્ટ-પ્રશિષ્ટ (ક્લાસિક) ગણવામાં આવે છે, પણ જ્યારે આ અભિવ્યક્તિ અતિ તરંગમય, અતિ કલ્પનામય, અત્યુત્તેજનાત્મક, અત્યુત્સાહજનક હોય ત્યારે એવી રીતિને રોમૅન્ટિક અર્થાત્ રંગદર્શી કે કૌતુકરાગી ગણાવાય છે.

આપણે ત્યાં વિવિધ સર્જક-વિવેચકોએ આ પ્રકારની અભિવ્યક્તિને વિવિધ સંજ્ઞાથી ઓળખાવી છે. કાન્ત કવિ તેને માટે 'મસ્ત' સંજ્ઞા વાપરે છે, તો ખબરદાર 'રંગપ્રધાન' શબ્દ વાપરે છે. વિજયરાય વૈદ્ય તેને 'રંગદર્શી' કહે છે તો કનૈયાલાલ મુનશી તેને 'આનંદલક્ષી' કહે છે. વિશ્વનાથ ભટ્ટ તેને 'કૌતુકપ્રિય' ગણાવે છે તો ન્હાનાલાલ કવિ તેને 'નવપલ્લવિત' અર્થાત્ સૌંદર્યશોભિત કહે છે. આનંદશંકર ધ્રુવ આ રીતિને 'જીવનનો ઉલ્લાસ' ગણે છે. આમ, આપણી ભાષામાં આ રોમૅન્ટિક સંજ્ઞા માટે વિવિધ પદોથી ઓળખાણ અપાઈ છે.

ક્યારેક એવું પણ માનવામાં આવે છે કે આ કૌતુકરાગિતા-રંગદર્શિતા એ જાણે કે પ્રશિષ્ટતાની સામેના છેડાનો પર્યાય છે. વાસ્તવમાં આવો વિરોધાભાસી અભિગમ એ જ એનો પ્રાણ છે તેમ માનવું તે સંકુચિત સમજ સૂચવે છે. ક્યારેક તો એવું પણ બને કે એક જ સર્જકમાં આ બંને પ્રકારનાં વલણો જોવા મળે તો વળી ક્યારેક એક જ કૃતિમાં પણ આ બંને અભિગમો અનુસ્યૂત થયેલા હોઈ શકે.

મૂળ તો આ અંગ્રેજી શબ્દ રોમૅન્ટિક (Romantic) ફ્રેન્ચ શબ્દ રોમાંઝ (Romanz)માંથી પશ્ચિમી વિવેચનામાં ઊતરી આવ્યો છે. સામાન્ય રીતે આ મસ્તરંગી શૈલી એ ગૉથિક દેવસ્થાનોની રચનારીતિ સાથે અનુસંધાન ધરાવે છે.

વિશ્વસાહિત્યમાં આ romanticism – રંગદર્શિતાવાદ-નો શબ્દપ્રયોગ આપનાર પ્રથમ જર્મનીના દાર્શનિક ફ્રેડરિક શ્લેગલ હતા. વાણીસંયમ કરતાં સામે છેડે વાણીવિલાસ કરતી આ શૈલીને ઈ. સ. ૧૭૯૮માં તેમણે આ રીતે ઓળખાવી હતી. આ રીતે મૂળ તો સ્થાપત્યના ક્ષેત્રમાંથી સાહિત્યના ક્ષેત્રમાં આ પ્રકારની શૈલીનું નામકરણ ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં પ્રચલિત થવા પામ્યું છે. ખાસ તો જ્યારે વર્ડ્ઝવર્થ અને એસ. ટી. કૉલરિજે 'લિરિકલ બૅલાડ્ઝ' નામનો કાવ્યસંચય ૧૭૯૮માં પ્રકટ કર્યો ત્યારથી અંગ્રેજી

સાહિત્યમાં આ શૈલીની ચર્ચા ચાલી છે. આ ઉદ્ધૃત કાવ્યસંચયે ત્યારના જાણીતા કવિઓ બાયરન, શેલી, કીટ્સ ઇત્યાદિને રંગદર્શી રચનાઓના સર્જનની પ્રેરણા પૂરી પાડી હતી તો ગદ્યસાહિત્યમાં પણ આ અસર ઝિલાઈ હતી. રેડક્લિફ (Radcliffe)ના ભયાવહ કથાપ્રકાર (terror romances)માં તેને અનુસરનાર પેઢીમાં આ રોમૅન્ટિક અભિગમ જોવા મળે છે તો વૉલ્ટર સ્કૉટ જેવાની ઐતિહાસિક નવલકથામાં પણ આ અભિગમ દૃષ્ટિગોચર થાય છે, આપણે ત્યાં પણ 'સરસ્વતીચંદ્ર', 'ભદ્રંભદ્ર' કે મુનશીની 'જય સોમનાથ' અને 'પાટણની પ્રભુતા' જેવી નવલોમાં પણ પ્રશિષ્ટતાની સાથે સાથે આ રંગદર્શિતા પણ ગૂંથાયેલી છે. ખાસ તો ફ્રાન્સમાં દેવિદ (David) અને તેમના અનુયાયીઓના પ્રશિષ્ટતાવાદના આગ્રહની સામે ૧૯મી સદીની બીજી પચીસી (૧૮૩૦ની આસપાસ)માં આ રંગદર્શિતાનો ઉપયોગ ખૂબ ચલણી બન્યો. તો વળી પશ્ચિમમાં ઝાં-જૅક્વિસ રુસો (Jean-Jacques Rousseau) આ વાદના અગ્રેસર ગણાય છે.

અગાઉ જોયું તેમ જર્મનીમાં શ્લેગલ ઉપરાંત શિલર (Shiller), ગોએથે (Goethes), નૉવાલિસ વગેરે સર્જકોમાં આ અભિગમ જોવા મળે છે. કેન્ટ (Kant), ફિશ્ત (Fichte), શેલિંગ (Schelling), અને હૅગલની તત્ત્વવિચારણા આમાં ખપમાં લાગી છે તો વળી ઇંગ્લન્ડમાં વિલિયમ કૂપર (William Kooper), રૉબર્ટ બર્ન્સ (Robert Burns), ટૉમસ ચેટરટન (Thomas Chatterton) ઈત્યાદિ આના પ્રારંભિક પુરસ્કર્તાઓ ગણાય છે. એમાં વળી પર્સી (Purcey)ના 'રેલિક્સ ઑવ્ ઍન્શ્યન્ટ ઇંગ્લિશ પોએટ્રી' સંગ્રહ તથા મૅક્ફેરસ (Macferrus)ના 'ઑસિઆન' (Ossian) સંગ્રહથી ઇંગ્લંડમાં રંગદર્શિતાવાદને વધુ વેગ મળ્યો. આનો ઘેરો પ્રભાવ વિક્ટોરિયાના યુગના મહત્ત્વના કાવ્યસર્જકો પર પડેલો જોઈ શકાય છે કે જેમાં વૉલ્ટર સ્કૉટ, ચાર્લ્સ લૅમ્બ, વિલિયમ હેઝલિટ, ટૉમસ દ ક્વિન્સીનાં નામો આગળ તરી આવે છે.

ફ્રાન્સમાં ત્યાંની ક્રાન્તિના કાળમાં શિષ્ટતાની સામે છેડે આ રંગદર્શિતાનું વલણ વેગ પકડે છે. અલબત્ત, ૧૮૨૦ સુધી તો આ રંગદર્શિતાનું આંદોલન બહુ સ્પષ્ટ નહોતું, પરંતુ ૧૮૪૩ સુધીમાં આ વાદ ત્યાં તેની ચરમ સીમાએ પહોંચે છે. આ નૂતન આંદોલનના અગ્રણીઓ હતા લેમરતાઇન (Lamartine), મ્યુસેત (Musset), વિગ્ની (Vigny), ગૉતિએર (Gantier) વગેરે.

યુરોપના દેશો-પ્રદેશો કરતાં અમેરિકામાં આ રંગદર્શિતાનું આંદોલન થોડું મોડું આરંભાયેલું જોવા મળે છે. ત્યાં જે ક્રાન્તિ થઈ તેને કારણે અંગ્રેજો સામેના જુવાળમાં એક પ્રકારે માનવતાવાદ તેમજ સમાજસુધારાની પ્રવૃત્તિઓને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. ત્યાંના આ રંગદર્શિતાના અગ્રેસરોમાં ચાર્લ્સ બ્રૉકકેન બ્રાઉન, જેમ્સ ફેનિમોર કૂપર, વૉશિંગ્ટન ઇરવિંગ, વિલિયમ ગિલમોર સિમ્સ, એમર્સન, થૉરો, હૉથોર્ન, મેલવિલે, કવિ લૉન્ગફેલો, વ્હિટિયર, વૉલ્ટ વ્હિટમન વગેરેને મહત્ત્વના ગણી શકાય.

ભારતમાં અને ગુજરાત તથા અન્ય પ્રદેશોમાં ૧૯મી સદીના મધ્યભાગ પછી આ રંગદર્શિતાનું વાતાવરણ આગળ તરી આવે છે. જોકે આમ જોવા જઈએ તો આપણા વૈદિક સાહિત્યમાં પણ તે અનુભવવા મળે છે. પ્રકૃતિનાં તત્ત્વોને જે રીતે ભવ્ય કલ્પનાથી વધાવાયાં છે તેમાં પણ, ત્યારે અજાણ એવી આ રંગદર્શિતાની અસર અચૂક જોવા મળે છે. આપણાં સંસ્કૃત મહાકાવ્યો-નાટકો ઇત્યાદિમાં પણ પ્રશિષ્ટતાના પ્રભાવની સાથેસાથે કલ્પનોદ્ગયનોની માવજત થઈ છે ત્યાં આપણે રંગદર્શિતાનો અનુભવ કરી શકીએ. અલબત્ત, આ રંગદર્શિતા ત્યારના સર્જકોમાં કોઈ ચોક્કસ આંદોલન તરીકે નહીં, પણ નિરૂપણના એક ભાગ તરીકે સહજ રીતે આવેલી અનુભવી શકાય છે.

આપણે ભલે પ્રશિષ્ટતાવાદ અને રંગદર્શિતાવાદ એવા ભેદ ચર્ચાવિચારણા માટે પાડતા હોઈએ, પરંતુ વાસ્તવમાં સમગ્ર વિશ્વસાહિત્યમાં આ બંને અભિગમો એકબીજાના સહાયક કે પૂરક થઈને આવેલા જોવા મળે છે. પેટરે (Pater) તો કહ્યું પણ છે : '....in a perfect work of art or literature the two tendences, classical and romantic, are found in balance.' (કલા કે સાહિત્યની સંપૂર્ણ કૃતિમાં પ્રશિષ્ટ અને રંગદર્શી એ બંને વલણો સમતોલપણે જોવા મળે છે.) Stendhal (સ્ટેન્ધાલ) તો એટલે સુધી આગળ વધીને જણાવે છે કે '...alll good art is romantic.' (પ્રત્યેક સારી કલા રંગદર્શી હોય છે.) પ્રશિષ્ટતાવાદ પછી Neo-classical – નવ્ય પ્રશિષ્ટતાનો ગાળો આવ્યો તો ખરો પરંતુ એનાંય વળતાં પાણી થતાં રંગદર્શિતાએ સર્જકોમાં આકર્ષણ જમાવ્યું.

વાસ્તવમાં જોવા જઈએ તો મનુષ્યના ચેતોવિસ્તારમાં એક પ્રકારની સાહસિકતા અનુસ્યૂત છે કે જે વાસ્તવને તરંગલીલા કે કલ્પનાવિહારથી વધુ સુંદર બનાવવા કે બતાવવા મથે છે. આને કારણે પ્રશિષ્ટતાવાદ સામેની ઝુંબેશ તરીકે કલા કે સાહિત્યના ક્ષેત્રમાં આ રોમેન્ટિક વલણને, રંગદર્શિતાને મૂકવામાં આવે છે તે તો એક સમયાધીન વિચારણા છે. બાકી તો સર્જકના ચિત્તમાં પ્રશિષ્ટતા અને રંગદર્શિતા સહોપસ્થિત હોય છે. એમાંથી એનું સર્જન કઈ તરફ ઝૂકે છે તેને આધારે કૃતિને પ્રશિષ્ટ કે રંગદર્શી ગણવામાં આવે છે.

આ રીતે પ્રશિષ્ટ અને રંગદર્શી સાહિત્ય વચ્ચે કોઈ ઉચ્ચાવચતા નથી. બંને ક્ષેત્રની કૃતિઓ ઉત્તમ પણ હોઈ શકે અથવા અનુત્તમ પણ હોઈ શકે. આ વિધાઓ તો સાહિત્યકૃતિના વર્ગ માટે છે. આમ, આ રંગદર્શિતા પણ પ્રશિષ્ટતાની જેમ એક વિધા હોઈ તેમાં થયેલા સર્જનનું તે વિધાની ગુણવત્તાને આધારે મૂલ્યાંકન થવું ઘટે.